**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૫ ટકા

# આજે વણજોયું મુહૂર્ત - અખાત્રીજ

## શહેરમાં પરશુરામ ભગવાન જન્મોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળશે

ગાંધીનગર, તા.૨

શહેરમાં આજે પરશુરામ જયંતી અને અખાત્રીજ નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. બ્રહ્મ સમાજ દ્વારા પરશુરામ જન્મ જયંતી નિમિતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામા આવ્યું છે. અખાત્રીજ નિમિતે વિવિધ શુભકાર્યો કરવામાં આવશે અને લગ્ન પ્રસંગોની ભરમાર જોવા મળશે.

વૈશાખ માસના શુક્લ પક્ષની તૃતીયાને અક્ષય તૃતીયા તરીકે ઓળખવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ધન અને વૈભવની દ્રષ્ટિએ આ દિવસથી વધુ શુભ સમય કોઈ નથી. લગ્ન, ગૃહપ્રવેશ જેવા શુભ કાર્યો માટે વર્ષનો શ્રેષ્ઠ દિવસ માનવામાં આવે છે. કહેવાય છે કે આ દિવસે કોઈપણ કાર્ય કરવા માટે તમારે પંચાંગ જોવાની કે મુહૂર્ત જાણવાની જરૂર નથી. અક્ષય તૃતીયા પર તમે જે પણ કરો છો, તેમાં અક્ષય વૃદ્ધિ થાય છે. એટલે કે જો તમે ખરીદી કરો છો તો તમારું ધન અનેક ગણું વધી જાય છે. જો તમે દાન કરો છો તો તમને અક્ષય પુણ્ય મળે છે અને તે અક્ષય ફળના રૂપે તમારી પાસે પાછું આવે છે. આ દિવસે સોનું અને ચાંદી ખરીદવાની પરંપરા ઘણા સમયથી ચાલી આવે છે. મહિલાઓ આ દિવસે સોનાના ઘરેણા ખરીદે છે કારણ કે તેમ કરવાથી તેમના જીવનમાં વારંવાર ઘરેણાં ખરીદવાનો શુભ પ્રસંગ આવે. આજે અમે તમને જણાવીશું કે અક્ષય તૃતીયાના દિવસમાં એવું શું છે જેને કારણે આ દિવસને ખૂબ જ શુભ માનવામાં આવે છે. તેની પાછળ ઘણી પૌરાણિક કથાઓ છે.

ભગવાન વિષ્ણુના અવતાર પરશુરામજીનો જન્મ વૈશાખ માસના શુક્લ પક્ષની ત્રીજના થયો હતો. આ કારણે દર વર્ષે પરશુરામ જયંતી આ તિથિએ મનાવવામાં આવે છે. અક્ષય તૃતીયાના દિવસે ભગવાન વિષ્ણુએ પોતાનો છઠ્ઠો અવતાર પરશુરામના રૂપમાં લીધો હતો. ભગવાન વિષ્ણુનો આ અવતાર આવેશાવતાર માનવામાં આવે છે. તેમણે માતા રેણુકાના ગર્ભથી ઋષિ જમદગ્નિના ઘરે જન્મ લીધો હતો. કહેવાય હે કે ક્ષત્રિયોનો ઘમંડ તોડવા માટે પરશુરામે તેમનો ૨૧ વખત સંહાર કર્યો હતો.

**શા માટે અક્ષય તૃતીયા સૌથી શુભ સમય માનવામાં આવે છે?**

● ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર માનવામાં આવતા ભગવાન પરશુરામનો જન્મ થયો હતો. પરશુરામનો જન્મ મહર્ષિ જમદગ્નિ અને માતા રેણુકાદેવીને ત્યાં થયો હતો. આ જ કારણ છે કે અક્ષય તૃતીયાના દિવસે ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. આ દિવસે પરશુરામજીની પૂજા કરવાનો પણ નિયમ છે.

● આ દિવસે માતા ગંગા સ્વર્ગમાંથી પૃથ્વી પર આવી હતી. રાજા ભગીરથે ગંગાને પૃથ્વી પર ઉતારવા માટે હજારો વર્ષો સુધી તપસ્યા કરી. આ દિવસે પવિત્ર ગંગામાં ડૂબકી લગાવવાથી મનુષ્યના તમામ પાપોનો નાશ થાય છે.

● આ દિવસે માતા અન્નપૂર્ણાનો જન્મદિવસ પણ ઉજવવામાં આવે છે. આ દિવસે ગરીબોને ભોજન કરાવવામાં આવે છે અને અન્નક્ષેત્ર કરવામાં આવે છે. મા અન્નપૂર્ણાની પૂજા કરવાથી ભોજનનો સ્વાદ વધે છે.





### અખાત્રીજ એટલે વણજોયું મુહૂર્ત

**વર્ષમાં ૪ વણજોયા મુહૂર્ત હોય છે. જેમાંથી એક મુહૂર્ત અખાત્રીજ છે. અક્ષય તૃતીયા ઉપરાંત દેવઊઠી એકાદશી, વસંત પંચમી અને ભડલી નોમને પણ વણજોયું મુહૂર્ત માનવામાં આવે છે. આ દિવસ સોનુ ખરીદવા માટે શુભ મનાય છે. અક્ષય તૃતીયાના મંગલકારી દિવસે કોઈપણ કાર્ય-સાહસ શરૂ કરવામાં આવે તો તે સતત વૃદ્ધિ પામતું રહે અને સમૃદ્ધિ લાવે તેવી માન્યતા છે.**

●અક્ષય તૃતીયાના અવસર પર મહર્ષિ વેદ વ્યાસજીએ મહાભારત લખવાનું શરૂ કર્યું. મહાભારતને પાંચમો વેદ માનવામાં આવે છે. આમાં શ્રીમદ ભાગવત ગીતા પણ સામેલ છે. અક્ષય તૃતીયાના દિવસે શ્રીમદ ભાગવત ગીતાના ૧૮મા અધ્યાયનો પાઠ કરવો જોઈએ.

●આ દિવસે બંગાળમાં તમામ વેપારીઓ ભગવાન ગણેશ અને માતા લક્ષ્મીની પૂજા કરીને પોતાના હિસાબની શરૂઆત કરે છે. ત્યાં આ દિવસને 'હલાખતા' કહેવાય છે.

● ભગવાન શંકરે આ દિવસે ભગવાન કુબેરને માતા લક્ષ્મીની પૂજા કરવાની સલાહ આપી હતી. ત્યારથી અક્ષય તૃતીયાના દિવસે દેવી લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે અને આ પરંપરા આજ સુધી ચાલુ છે.

● અક્ષય તૃતીયાના દિવસે જ પાંડવ યુધિષ્ઠિરને અક્ષયપત્ર પ્રાપ્ત થયું હતું. તેની વિશેષતા એ હતી કે તેમાં ભોજન ક્યારેય સમાપ્ત થતું નથી.

● **પરશુરામ જયંતિ કે ચિરંજીવી તિથિ:-**

પૌરાણિક કથાઓ પ્રમાણે ભગવાન વિષ્ણુએ પૃથ્વી પર પરશુરામના રૂપમાં છઠ્ઠી વાર અવતાર લીધેલો હતો. આ દિવસે જન્મથી બ્રાહ્મણ અને કર્મથી ક્ષત્રિય તેવા ભૃગુવંશી પરશુરામનો જન્મ થયો હતો. કળિયુગમાં વર્તમાનમાં પણ એવા ૮ ચિરંજીવ દેવતાઓ છે, જેઓ જીવિત છે. આ ૮ ચિરંજીવીઓમાં ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામનો પણ સમાવેશ થાય છે. આથી, આ તિથિને ચિરંજીવી તિથિ પણ કહેવામાં આવે છે.

● **પરશુરામ જયંતી તિથિ:-**

પંચાંગ અનુસાર, વૈશાખ માસના શુક્લ પક્ષની તૃતીયા તિથિ ૩ મેના દિવસે મંગળવારે સવારે ૫ વાગ્યે ને ૧૮ મિનિટે શરુ થઈ રહી છે. આ તિથિ પછીના દિવસે ૪ મે, બુધવારે સવારે ૭ વાગ્યે ને ૩૨ મિનિટ પર સમાપ્ત થશે. ઉદયાતિથિના આધારે ૩ મેના રોજ પરશુરામ જયંતી મનાવવામાં આવશે કારણ કે આ દિવસે અક્ષય તૃતીયા છે.

## એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં સમર કેમ્પનો શાનદાર શુભારંભ





ગાંધીનગર, તા.૨

બાળકોને તેમના રોજિંદા વાતાવરણમાંથી બહાર લાવવા અને તેમને કંઈક નવીન શીખે તે હેતુથી વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ દ્વારા બાળકો માટે આનંદપ્રદ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે. જેમાં વિવિધ શાળાના બાળકો નવા મિત્રો બનાવવા માટે સક્ષમ બને છે. શાળા દ્વારા પોટરી, આર્ટ એન્ડ ક્રાફ્ટ , મ્યુઝિક , કરાટે, નોન ફાયર કુકિંગ, બ્યુટિશિયન, કેલીગ્રાફી, ડાન્સ , સ્કેટિંગ જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ એક્સપર્ટ દ્વારા બાળકોને કરાવવામાં આવી રહી છે. જેમાં જ્ઞાન સાથે ગમ્મત પીરસવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં બાળકો ઉલ્લાસભેર ભાગ લઈ રહ્યા છે. આ સમર કેમ્પ દ્વારા દરેક પ્રવૃત્તિઓ ઉપરાંત તેઓને સારા સંસ્કાર તથા સ્વચ્છતા અને શિસ્ત ના પાઠ ભણાવવામાં આવી રહ્યા છે. દરેક બાળક ખૂબ જ ઉત્સાહભેર શાળામાં આવી અને પ્રવૃત્તિઓ કરે છે અને દરરોજ કંઈક નવું શીખી ને જાય છે. આ સમર કેમ્પમાં વાલીઓ તરફથી પણ ખૂબ જ સહકાર મળી રહ્યો છે તેમ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## સે-૭-એ વસાહત મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ VPL યોજાઈ




ગાંધીનગર, તા.૨

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા ગુજરાત સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ક્રિકેટ ટુર્નામેન્ટ VPL નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાવાગઢ ટીમના કેપ્ટન તેજસ ગાંધીની આગેવાની હઠળ ૧૧૬ રનનો સ્કોર ખડકીને ગિરનાર ટીમના કેપ્ટન ભદ્રેશ શાહની ટીમને ૩૭ રનથી હરાવીને ગુજરાત ટ્રોફી જીતી લધી હતી. પાવાગઢ ટીમના ખેલાડી ધર્મેન્દ્રસિંહ રાઠડે ૫૨ રનનો સ્કોર કર્યો હતો તેની સામે આર્યન ગોસ્વામીએ ૫ વિકેટ ઝડપી ટીમને જીત અપાવી હતી. આ પ્રસંગે કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ દાસ, તેજલબેન યોગેશભાઈ નાયી, પ્રમુખ જશવંત ગાંધી, ઉપપ્રમુખ ગણેશભાઈ પટેલ, મંત્રી અશોક પટેલ, ઓડીટર વિનોદ રાવલ, પૂર્વ પ્રમુખ લવજીભાઈ વાડીયા, અશોકભાઈ માણેક, મહેન્દ્રભાઈ જે. પટેલ, ઉર્મિલ વેદ, જોય બક્ષી, યોગેશ રાવલ, સુધાબેન પટેલે ખાસ હાજરી આપી હતી. ભદ્રેશ શાહ, તેજસ ગાંધી, હરેશ પંજવાણી, ધર્મેન્દ્ર સુથાર, સંજયસિંહ વાઘેલા, ઓમ પટેલ, માનવ ઠાકોરે જહેમત ઉઠાવી મેચને સફળ કરી હતી.

## ગ્રીનસીટી રિઅલ્ટર વેલ્ફેર એસો. દ્વારા રકતદાન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૨

ગ્રીનસિટી રિઅલ્ટર (રિયલ એસ્ટેટ બ્રોકર) વેલ્ફેર એસોસિયેશન ગાંધીનગર ધ્વારા આયોજિત થેલેસેમીયાના મેજર બાળકો માટે રક્તદાન શિબિર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રિયલ એસ્ટેટના બ્રોકરના નવયુવાન યુવાનોએ બ્લડ ડોનેશન કરી બાળકો માટે મહાયોગદાન કરી સાચા અર્થમાં રકતદાન મહાદાન ઉકિતને સાર્થક કરી બતાવી હતી.

## આદર્શ કન્યા શાળા ખાતે ગુજરાત સ્થાપના દિનની ઉજવણી

### શાળામાં ભણીને સરકારના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતી કન્યાઓને સન્માનિત કરવામાં આવી



ગાંધીનગર, તા.૨

આદર્શ કન્યા શાળા છાલામાં ૧ મે ગુજરાત સ્થાપના દિન અને શાળાના ૪૨માં જન્મદિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ મોતીભાઈ રામાભાઈ પટેલ, સામાજિક કાર્યકર દિલીપભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ, નટુભાઈ પટેલ, નાથુભાઈ પટેલ, મણિભાઈ પટેલ તેમજ અન્ય શાળાના આચાર્યો, પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોએ ખાસ ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

શાળાની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત, શૌર્યગાન તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. સાંસ્કતિક કાર્યક્રમોથી મંત્રમુગ્ધ થઈને દાતાશ્રીઓએ માતબર રકમનું દાન કર્યું હતું. સાથે સાથે બાલિકાઓને પ્રોત્સાહિત કરી હતી. આજ શાળામાં ભણીને ગુજરાત સરકારના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતી કન્યાઓને સન્માનિત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ ઉત્સાહી, કર્મઠ, નિષ્ઠાવાન એવા શાળાના આચાર્ય ડૉ. સુરેશભારતીએ સતત માર્ગદર્શન પરું પાડયું હતું. સાથે સાથે સંસ્થાનો પરિચય, યશગાથા પણ ગ્રામજનો સમક્ષ તેમણે રજુ કરી હતી. કાર્યક્રમના અંતમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત સૌને શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વે શિક્ષકોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

## જાણીતા એડવોકેટ ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદીને ગુજરાત ગૌરવ એવોર્ડ એનાયત




ગુજરાતનાં ૬૨માં સ્થાપના દિને અમદાવાદ મેનેજમેન્ટ એસો.નાં હોલમાં ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષ માન. નિમાબેન આચાર્યનાં હસ્તે ગુજરાતનાં જાણીતા એડવોકેટ, સમાજ સેવી ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદીને ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડ ઈન્ડીયન કાઉન્સીલ ઓફ સોશ્યલ વેલફેર ગુજરાત રાજ્ય સંચાલિત કાર્યક્રમમાં જસ્ટીસ સુરેશભાઈ સોની, પૂર્વ લોકાયુક્ત ગુજરાત રાજ્ય, પ.પૂ. વિજયરાજજી મહારાજશ્રી, લોકસાહિત્યકાર ભીખુદાર ગઢવી, નાટય કલાકાર સંજય ગોરડીયા, આઈ.આઈ.એમ. ના પૂર્વ ડાયરેક્ટર બકુલ ધોળકીયા, પાશ્વ ગાયક પાર્થિવ ગોહિલ, અરવિંદ વેગડા, સાહિત્યકાર અશોક દવે, જોરાવરસિંહ જાદવ તથા પી.કે. લહેરીની ઉપસ્થિતિમાં અન્ય મહાનુભાવોને સન્માનવાનો કાર્યક્રમ મેનેજમેન્ટ ગુરૂ ડૉ. શૈલેષ ઠાકરના સંચાલનમાં યોજાયો હતો. અશ્વિનભાઈ ત્રિવેદીને વકીલ આલમ તથા બ્રહ્મ સમાજે શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**


- **સ્વ. બિહોલા મહિપતસિંહ કાળુસિંહ,** ઉ.વ. ૫૯, ઈન્દ્રોડા
- **સ્વ. વાઘેલા નંદુબેન અજીતસિંહ,** ઉ.વ. ૭૫, પેથાપુર
- **સ્વ. પટેલ બળદેવભાઈ જશુભાઈ,** ઉ.વ. ૪૬, આલમપુર
- **સ્વ. પટેલ શાંતાબેન કાળુભાઈ,** ઉ.વ. ૬૭, બોરીજ-નવા
- **સ્વ. પટેલ નીલેશભાઈ છગનભાઈ,** ઉ.વ. ૫૩, જીઈબી કોલોની
- **સ્વ. ઠાકોર હીરાજી મંગાજી,** ઉ.વ. ૬૦, હાલીસા, દહેગામ
- **સ્વ. વાળંદ ગોવિંદભાઈ કાળીદાસ,** ઉ.વ. ૭૧, સેકટર-૧૩

## ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે યોજાયો પ્રવીણ ગઢવીના વાર્તાસંગ્રહ 'શૂદ્રપર્વ'નો સંવાદ

### જાણીતા દલિત સાહિત્યકાર હરીશ મંગલમ્ સાથે વાર્તાકાર કલ્પેશ પટેલ, પત્રકાર નટુભાઈ પરમાર અને લેખક સંજય થોરાત દ્વારા 'શૂદ્રપર્વ'ના વિવિધ પાસાં પર મનનીય સંવાદ

ગાંધીનગર, તા.૨

૧લી મે ગુજરાત સ્થાપના દિને, ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે નિસર્ગ સાયન્સ સેન્ટર-ગાંધીનગર ખાતે પ્રસિધ્ધ સાહિત્યકાર પ્રવીણ ગઢવીના, પુરાણકથાઓ-વેદો પર આધારિત અને આર્યો સામે અનાર્યોના પક્ષકાર બનીને - તેમનો 'અવાજ' બનીને લખાયેલી વાર્તાઓના સંગ્રહ 'શૂદ્રપર્વ' પર યોજાયેલ ગોષ્ઠી-સંવાદમાં સર્વશ્રી હરીશ મંગલમ્ (ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી સંસ્થાપક), સર્જક કલ્પેશ પટેલ, લેખક-પત્રકાર નટુભાઈ પરમાર અને ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાત ઉમળકાભેર જોડાયા હતા અને 'શૂદ્રપર્વ'ની અનૂઠી તથા સાહિત્ય જગતમાં એક જુદો જ પ્રભાવ પાથરતી વાર્તાઓ પર તેમના




અભ્યાસપૂર્ણ વકતવ્યો રજૂ કર્યા હતા.

ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાતે સૌને આવકારતા પોતાના સ્વાગત પ્રવચનમાં સંસ્થાની અવિરત સાહિત્યપ્રવૃતિઓથી સુમાહિતગાર કર્યા હતા અને પ્રવીણ ગઢવી જેવા સર્જક ગાંધીનગરમાં આપણી વચ્ચે વસે છે એનો આનંદ વ્યકત કરી તેમના અનોખા વાર્તાસંગ્રહ 'શૂદ્રપર્વ' પર સંવાદ માટે અનુમતિ આપવા બદલ પ્રવીણ ગઢવી પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

કેફિયતમાં પ્રવીણ ગઢવીએ 'શૂદ્રપર્વ'ની રચના પાછળ વેદો-પુરાણોના ગહન અભ્યાસ અને તે માટે પસાર કરેલા લાંબા સમય વિશે વાત કરી, આવા સુંદર ઉપક્રમ માટે ગાંધીનગર સાહિત્ય સભાનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સુંદર સંચાલન દલિત લોકવિદ્યા પર એકથી વધુ પુસ્તકો લખ્યા છે તેવા પૂર્વ નાયબ નિયામક-સમાજ કલ્યાણ પ્રવીણ શ્રીમાળીએ કરી હતી.જયારે આભારવિધિ જાણીતા કવિ અને ગાંધીનગર સાહિત્ય સભાના હોદ્દેદાર રમણ વાઘેલાએ કરી હતી.

## જન્મદિને વધામણી



ડો. કેશુભાઈ દેસાઈ
લેખક
મો. ૮૨૦૦૦ ૭૧૩૬૩



નિર્મલ જેસવાણી
પ્રમુખ, સિંધી પંચાયત અને ઝુલેલાલ મંદિર ગાંધીનગર




ગર્વ જશુભાઈ પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮



સાગર હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



સાહિલ હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



શિવાંગ છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮



કડિયા દિનેશકુમાર એ
રેડક્રોસ

## દેહદાન-મહાદાન

ગાંધીનગર, તા.૨

માણસા નિવાસી. સ્વ. અમૃતલાલ ડાહ્યાલાલ પટેલનું ૭૫ વર્ષની ઉંમરે અવસાન થતાં તેઓના કુટુંબીજન પટેલ નરેશ અમૃતલાલની સંમતિથી સ્વર્ગસ્થના દેહનું દાન કરવામાં આવ્યું હતું. આ દેહદાન ગાંધીનગર મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું હતું. મેડીકલ કોલેજના ડૉ.અંકુરભાઈ તથા સ્ટાફ મિત્રો, જુનિયર સિટિઝન કાઉન્સિલના કાર્યકર એડવોકેટ હિતેષ રાવલ, મનીષ પંચાલ આ કાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.